# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01-10-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના શતાબ્દી સમારોહમાં હાજરી આપશે.

2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું કે સરકાર પંજાબના પૂરગ્રસ્ત લોકોને શક્ય તમામ સહાય પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ.

3) સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ આજથી બે દિવસ ગુજરાતનાં કચ્છની મુલાકાતે આવશે.

4) ભારત-યુરોપિયન મુક્ત વેપાર સંગઠન વેપાર અને આર્થિક ભાગીદારી કરાર આજથી અમલમાં આવશે.

5) દેશના વિવિધ ભાગોમાં આજે દુર્ગા નવમીની ઉજવણી.

6) ICC મહિલા વિશ્વ કપ 2025ની પ્રથમ મેચમાં ભારતે શ્રીલંકાને 59 રનથી હરાવ્યું.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-CENTENARY CELEBRATIONS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના શતાબ્દી સમારોહમાં હાજરી આપશે. આ કાર્યક્રમમાં RSSના વારસા, તેના સાંસ્કૃતિક યોગદાન અને રાષ્ટ્રીય એકતામાં તેની ભૂમિકા પર પ્રકાશ પાડવામાં આવશે.

આ પ્રસંગે પ્રધાનમંત્રી રાષ્ટ્ર માટે RSSના યોગદાનને દર્શાવતી ખાસ ડિઝાઇન કરેલી સ્મારક ટપાલ ટિકિટ અને સિક્કો બહાર પાડશે.

# MHA- PUNJAB

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું કે સરકાર પંજાબના પૂરગ્રસ્ત લોકોને શક્ય તમામ સહાય પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છે.

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન ગઈકાલે સાંજે નવી દિલ્હીમાં શ્રી શાહને મળ્યા હતા અને તેમને રાજ્યમાં પૂરથી થયેલા નુકસાન વિશે માહિતી આપી હતી. તેમણે આપત્તિ રાહત અને પુનર્વસન માટે વધારાના ભંડોળની પણ વિનંતી કરી હતી.

બેઠક દરમિયાન, મુખ્યમંત્રીને જાણ કરવામાં આવી હતી કે રાજ્ય પાસે રાજ્ય આપત્તિ પ્રતિભાવ ભંડોળમાં ₹12,589 કરોડથી વધુ રકમ છે, જેનો ઉપયોગ ભારત સરકારના ધોરણો અનુસાર અસરગ્રસ્ત લોકોના રાહત અને તાત્કાલિક પુનર્વસન માટે થઈ શકે છે.

# RAJNATH SINGH GUJ VISIT

દેશના સંરક્ષણમંત્રી રાજનાથસિંહ આજથી બે દિવસ ગુજરાતના કચ્છની મુલાકાતે આવી રહ્યા છે. બે દિવસનાં રોકાણ દરમિયાન સંરક્ષણ મંત્રી ભુજમાં મિલિટરી સ્ટેશન ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ અને લક્કીનાળાં ખાતે સુરક્ષા દળોની સંયુક્ત કવાયત, શત્રપૂજા અને નવીન સુવિધાનાં લોકાર્પણમાં ઉપસ્થિત રહેશે.

સાંભળીએ એક અહેવાલ..

## (વોઈસ કાસ્ટ: હેમાંગ પટ્ટણી)

*(સંરક્ષણ મંત્રી રાજનાથાસિંહ આજે સાંજે 7.30 કલાકે ભુજ મિલિટરી સ્ટેશન ખાતે સાંસ્કૃતિ કાર્યક્રમમાં હાજરી આપવા સાથે જવાનો સાથે સંવાદ કરશે. બીજી ઓક્ટોબર દશેરાના દિવસે રાજનાથસિંહ લક્કીનાળાં મિલિટરી સ્ટેશન ખાતે મલ્ટિ એજન્સી સુરક્ષા કવાયત નિહાળવા સાથે શત્રપૂજા કરશે. શ્રી સિંહના હસ્તે અહી વિવિધ નવિન સુવિધાનું લોકાર્પણ કરાશે.*

*બે દિવસ કચ્છની મુલાકાતે આવી રહ્યા છે. બે દિવસનાં રોકાણ દરમિયાન સંરક્ષણમંત્રી ભુજમાં મિલિટરી સ્ટેશન ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ અને લક્કીનાળાં ખાતે સુરક્ષા દળોની સંયુક્ત કવાયત, શત્રપૂજા અને નવીન સુવિધાનાં લોકાર્પણમાં ઉપસ્થિત રહેવાના છે. ઓપરેશન સિંદૂર બાદ જવાનોના જુસ્સાને બુલંદ કરવા સંરક્ષણમંત્રી મે માસમાં કચ્છ આવ્યા હતા. એ બાદ ચાર માસના ટૂંકાગાળામાં ફરી તેઓ સરહદી જિલ્લાની મુલાકાતે આવી રહ્યા છે.*

*હેમાંગ પટ્ટણી, આકાશવાણી સમાચાર, કચ્છ)*

# MORN. INDIA- TEPA

ભારત-યુરોપિયન મુક્ત વેપાર સંગઠન (EFTA) વેપાર અને આર્થિક ભાગીદારી કરાર (TEPA) આજથી અમલમાં આવશે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું હતું કે આ કરાર પર ગયા વર્ષે 10 માર્ચે નવી દિલ્હીમાં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

EFTA એક મહત્વપૂર્ણ પ્રાદેશિક જૂથ છે જેમાં માલ અને સેવાઓમાં આંતરરાષ્ટ્રીય વેપાર વધારવા માટે અસંખ્ય તકો છે. EFTAના સભ્ય દેશોમાં આઇસલેન્ડ, લિક્ટેનસ્ટીન, નોર્વે અને સ્વિટ્ઝર્લૅન્ડનો સમાવેશ થાય છે. સ્વિટ્ઝર્લૅન્ડ ભારતનો સૌથી મોટો વેપાર ભાગીદાર છે, ત્યારબાદ નોર્વે આવે છે. TEPA એક આધુનિક અને મહત્વાકાંક્ષી કરાર છે. ભારત દ્વારા હસ્તાક્ષર કરાયેલ કોઈપણ મુક્ત વેપાર કરારમાં પહેલીવાર, તેમાં રોકાણ અને રોજગાર સર્જન સંબંધિત માળખું શામેલ છે.

વધુ વિગતો આપતા અમારા સંવાદદાતા જણાવે છે કે...

(VOICE CAST- AMAN)

# RBI-INOPERATIVE ACCOUNTS

ભારતીય રિઝર્વ બેંકે નિષ્ક્રિય ખાતાઓ અને બાકી દાવા વગરની થાપણો માટે પ્રોમ્પ્ટ પેમેન્ટ સુવિધા યોજનાની જાહેરાત કરી છે. આ એક વર્ષની યોજના આજથી શરૂ થાય છે અને 30 સપ્ટેમ્બર, 2026 ના રોજ સમાપ્ત થશે.

**આ યોજના જનતાને તેમના નિષ્ક્રિય ખાતાઓ સક્રિય કરવા અને બેંકોમાંથી તેમની દાવા વગરની થાપણો પુનઃપ્રાપ્ત કરવા માટે પ્રોત્સાહિત કરે છે. આ યોજના દ્વારા, RBI એ બેંકોને તેમના ડોર્મન્ટ એકાઉન્ટ્સને ફરીથી સક્રિય કરવા અને ડિપોઝિટર એજ્યુકેશન એન્ડ અવેરનેસ ફંડમાં પડેલી દાવા વગરની રકમ પરત કરવા માટે ગ્રાહકોની મદદ લેવા માટે પ્રોત્સાહિત કરવાનો નિર્ણય લીધો છે. આ યોજનાનો ઉદ્દેશ્ય હાલની દાવા વગરની થાપણોનો સ્ટોક અને DEA ફંડમાં નવા પ્રવાહના સંચય બંનેને ઘટાડવાનો છે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# GST

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા જાહેર કરાયેલા GST બચત મહોત્સવથી સમાજના તમામ વર્ગોને લાભ મળી રહ્યો છે. ગયા મહિનાની 22મી તારીખથી**

શરૂ થયેલા આગામી પેઢીના GST સુધારા ભારતની પરોક્ષ કર પ્રણાલીને સરળ બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

આ સુધારાઓ વિવિધ વસ્તુઓ અને સેવાઓ પરના કર દર ઘટાડીને નાગરિકોને નોંધપાત્ર રાહત આપી રહ્યા છે.

પ્રસ્તુત છે સ્ટેશનરી વસ્તુઓ પર GST ઘટાડા અંગે એક અહેવાલ.....

(V/C- SHIVANG—GST)

# DURGA-PUJA-NAVMI

દેશના વિવિધ ભાગોમાં આજે દુર્ગા નવમીની ઉજવણી કરવામાં આવી રહી છે. દુર્ગા નવમી, જેને મહા નવમી તરીકે પણ ઓળખવામાં આવે છે, તે નવરાત્રી ઉત્સવનો નવમો અને અંતિમ દિવસ છે. ભક્તો આ દિવસે દેવી દુર્ગાના નવમા અને અંતિમ સ્વરૂપ સિદ્ધિદાત્રીની પૂજા કરે છે. ભક્તો આ દિવસે કન્યા પૂજન કરે છે, દેવી દુર્ગાના આશીર્વાદ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરે છે.

પશ્ચિમ બંગાળમાં મહાનવમી પૂજા આજે સવારે 5:40 વાગ્યે શરૂ થઈ. સમગ્ર પશ્ચિમ બંગાળમાં પૂજા મંડપોમાં સાંજની આરતી અને અન્ય ધાર્મિક વિધિઓ કરવામાં આવશે.

(VOICE CAST: RAJESH MEENA)

# WOMEN-WORLD-CUP

ICC મહિલા વિશ્વ કપ 2025 ની પ્રથમ મેચમાં ભારતે શ્રીલંકાને 59 રનથી હરાવ્યું.

ગુવાહાટીમાં રમાયેલી વરસાદથી પ્રભાવિત આ મેચમાં . શ્રીલંકાએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો. પ્રથમ બેટિંગ કરતા ભારતે 47 ઓવરમાં 8 વિકેટે 269 રન બનાવ્યા.

ભારત તરફથી અમનજોત કૌરે સૌથી વધુ 57 રન બનાવ્યા. શ્રીલંકાની ઇનોકા રાણાવીરાએ ચાર વિકેટ લીધી. મેચ વરસાદને કારણે વિક્ષેપિત થઈ, જેના કારણે ઓવર ઘટાડીને 47 કરાઇ હતી.

ડકવર્થ-લુઇસ પદ્ધતિમાં મુજબ ભારતનો અંતિમ સ્કોર 270 રનનો રાખવામાં આવ્યો, જેનાથી શ્રીલંકાને જીતવા માટે 271 રનનો લક્ષ્યાંક મળ્યો. જવાબમાં શ્રીલંકા 211 રન જ બનાવી શકતા ભારતનો વિજય થયો હતો. ભારતની દીપ્તિ શર્માને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી.

ઉલ્લેખનીય છે કે આ સ્પર્ધામાં આઠ ટીમો ભાગ લઈ રહી છે : ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ રવિવારે કોલંબો ખાતે રમાશે.

# UPS- DATE EXTEND

સરકારે, યુનિફાઇડ પેન્શન સ્કીમ (UPS) પસંદ કરવાની છેલ્લી તારીખ બે મહિના લંબાવીને 30 નવેમ્બર કરી છે

પાત્ર વર્તમાન કર્મચારીઓ, નિવૃત્ત કર્મચારીઓ અને મૃત કર્મચારીઓના કાયદેસર જીવનસાથીઓ માટે યુનિફાઇડ પેન્શન સ્કીમ (UPS) પસંદ કરવાની છેલ્લી તારીખ અગાઉ ગઈકાલ સુધી હતી.

નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે તાજેતરમાં UPS હેઠળ ઘણા સકારાત્મક ફેરફારોની જાહેરાત કરવામાં આવી છે. વિવિધ હિસ્સેદારો તરફથી વિનંતીઓ મળી હતી કે આ ફેરફારોને ધ્યાનમાં રાખીને, કર્મચારીઓને યોજના પસંદ કરવા માટે થોડો વધુ સમય આપવાની જરૂર છે. આ વિનંતીઓના પગલે મુજબ, UPS પસંદ કરવાની છેલ્લી તારીખ આ વર્ષે 30 સપ્ટેમ્બરથી લંબાવીને 30 નવેમ્બર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- આજના અખબારોએ વિવિધ સમાચારને મુખ્ય શીર્ષકમાં સ્થાન આપ્યું છે.
- સંદેશ નું મુખ્ય શીર્ષક છે- બિહારમાં એસઆઈઆર પછી ફાઈનલ મતદાન યાદી જાહેર
- ગુજરાત સમાચારનું મુખ્ય શીર્ષક છે -અમેરિકા સ્થિત 1700 કંપનીઓ ભારતમાં સ્થાનાંતર કરશે
- ગાઝામાં યુદ્ધ વિરામ માટે ટ્રંપની શાંતિ યોજના:ભારતનો ટેકો આ સમાચારને ફૂલછાબે મુખ્ય શીર્ષક માં લીધા છે
- NCRBના જાહેર થયેલા અહેવાલને ટાંકીને દિવ્યભાસ્કર લખે છે ગુજરાતમાં ગુના 10% વધીને 5.78 લાખ થયા એક વર્ષમાં 1 હજાર 19 હત્યા, 8 હજાર 948 લોકોની આત્મહત્યા
- નવગુજરાત સમય લખે છે – મહિલાઓ,બાળકો સામેના ગુનામાં ચિંતાજનક વધારે